# ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા

## કુલ ગીત

કચ્છ વિશ્વવિદ્યાલય, રૂડું કચ્છ વિશ્વવિદ્યાલય

કાન્તિ ગુરુનાં સ્મરણે ગૂંથ્યું (૨)
અમને પ્યારું આલય (૩)
કેળવણીને સંસ્કૃતિ કેરી (૨)
સૌ સંગાથે પ્રીત (૨)
એની છાયામાં બેસીને ગાઈએ
માનવતાનું ગીત (૨)
નિત નવાં નવાં ગીત (૨)

દશે દિશાઓથી અમે મેળવીએ, નવું નવું નિત જ્ઞાન (૨)
શોધ અને સંશોધન કરતા, વધારીએ અમ શાન (૨)
વિરાટ વડલો આ વિદ્યાલય (૨)
અમે વિકસતી ડાળો
આખું વિશ્વ અમારો માળો (૩)

'સહશનાવવતુ' મંત્ર અમારો, ગૂંજે તારે તાર (૨)
જ્ઞાનજ્યોતિ પ્રગટાવી સઘળે
વિદારીએ અંધકાર (૨)
યુગો યુગોથી મળ્યો આ વારસો (૨)
ભવ્ય અને મર્માળો
આખું વિશ્વ અમારો માળો (૩)

સંતો ને શૂરાઓની, આ છે ભૂમિ પુરાણી (૨)
સૂકી સૂકી નદીઓમાં વહેતી, સૂરગંગાની વાણી (૨)
ખુશમિજાજ ને ખમીરવંતો (૨)
માણસ અહીં નિરાળો
આખું વિશ્વ અમારો માળો (૩)

મોરચંગના સૂરો રણકતા, બાજે જોડીયા પાવો (૨)
રણ-દરિયો ને આકાશ જુઓ
કરે અલખથી મેળાવો (૨)
હૈયે ધીણોધર ને ભુજીયો (૨)
આંખો સામે હેમાળો, આખું વિશ્વ અમારો માળો.

- રમણીક સોમેશ્વર